ગાંધીનગર સમાચાર

બંકરમાં દારૂ સંતાડીને વેપલો કરતો બુટલેગર પકડાયો

## @ગાંધીનગર

● સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૯.૦૦ કલાકે ૧૬મા વાર્ષિક પાટોત્સવ અંતર્ગત આયોજિત શ્રીમદ્ સત્સંગી જીવન પંચદિનાત્મક પારાયણ કથાનો પ્રારંભ કરાશે. આ પાટોત્સવમાં સાંજે ૫.૦૦ કલાકે દિવ્યપ્રકાશદાસજી સ્વામી દ્વારા વ્યાખ્યાન તથા રાત્રે ૮.૩૦ કલાકે સુખદવ ગઢવીનો સત્સંગ ડાયરો યોજાશે.

● સે-૨૩, અંબે માતાજીનું મંદિર વરદાયીની ચોક ખાતે સવારે ૬.૧૫ થી સાંજે ૬.૧૫ કલાક સુધી ભાવનાબેન ગોકલાણીના કંઠે અખંડ આનંદના ગરબાની ૧૨ કલાકની ધુન યોજાશે.

● પેથાપુરની સ્વપ્રવિલા-૩ સોસાયટી ખાતે આવેલા દિગંબર જૈન ચૈતાલયમાં રાત્રે ૮.૦૦ કલાકે નવકાર મહામંત્રના જાપ યોજાશે.

● શહેર વસાહત મહામંડળ દ્વારા સવારે ૯ થી ૯.૪૫ કલાક દરમિયાન અંતિમધામ સે-૩૦ ખાતે પ્રાર્થના સભા યોજાશે.

● રેશનલ સમાજ દ્વારા સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧ ઘ ટાઈપ, સે-૨૩ ખાતે માસિક બેઠક યોજાશે.

● સે-૨૩, ફાર્મસી કોલેજ ખાતે આજથી રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટનો રીફ્રેશર કોર્સ માટે બે દિવસીય વર્કશોપ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# શહેરની પાંચ ઘરફોડનો ભેદ ઉકેલાયો

## ઘરફોડીયો ચોરી કરે તે પહેલા જ ગ્રીલ તોડીને ઘરફોડ કરવા વપરાતા સાધન સાથે સે-૧માંથી પકડાઈ ગયો

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧ વિસ્તારમાં ઘરફોડ ચોરી કરવા મકાનને ટાર્ગેટ બનાવી રહેલા એક ઘરફોડીયા શખ્સને સેકટર-૭ પોલીસે ઘરફોડ ચોરીને અંજામ આપે તે પહેલા જ ઘરફોડના સામાન સાથે પકડી પાડયો છે.પોલીસે ઘરફોડીયાની ધરપકડ કરી સેકટર-૧માં અગાઉ થયેલી ઘરફોડમાં ગયેલા મુદ્દામાલને રીકવર કરી ઉંડી પુછપરછ કરતાં શહેરમાં પાંચ ઘરફોડ ચોરીઓ કરી હોવાની કબુલાત તે શખ્સે કરી લીધી છે. સે-૭ પોલીસને અન્ય ઘરફોડ ચોરીમાં ગયેલા મુદ્દામાલ રિકવર કરવા તથા વધુ પુછતાછ માટે કોર્ટે આઠ દિવસના રિમાન્ડ મંજુર કરી આપ્યા છે.

એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી સે-૭ પોલીસ ઈન્સ્પેકટર કે.એમ. પ્રિયદર્શીએ તેમની ટીમને ઘરફોડ અટકાવવા તથા ઘરફોડીયા પકડવા સઘન પેટ્રોલીંગ કરવા સુચના આપી હતી. પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા એએસઆઈ રણછોડજી, કોન્સ્ટેબલ પ્રશાંત, વિશાલસિંહ અને સુરપાલસિંહ સહિતની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે સે-૧ ખાતે ઘરફોડ ચોરી કરવા ઘુસેલા મુળ કલકત્તાના અને હાલ ડીકેબીન, સાબરમતી વિસ્તારના શખ્સ રણજીત પ્રભાત નમાશુદ્રને ઘરફોડ કરે તે પહેલા જ પકડી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ઘરફોડ માટે બારીની ગ્રીલ તોડવા વપરાય તેવું સાધન મળી આવ્યું હતું. તે ઉપરાંત સે-૧માં અગાઉ થયેલી ઘરફોડમાં ચોરાયેલી કાંડા ઘડિયાળ અને રોકડ રકમ પણ મળી આવતા મુદ્દામાલ રીકવર કરી પુછપરછ કરતાં સે-૧માં ત્રણ, સે-૨માં એક અને સે-૭માં એક મળીને પાંચ ઘરફોડ ચોરીઓ કરી હોવાની રણજીતે કબુલાત કરી લીધી છે. કોર્ટમાં રજુ કરતા આરોપીની પુછપરછ માટે કોર્ટે આઠ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.



## શિક્ષણ વિભાગનો ૮૨ રનથી જવલંત વિજય



સચિવાલય આંતરવિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે શિક્ષણ વિભાગ અને વિધાનસભા સચિવાલયની મેચ યોજાઈ હતી. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા ૨૦ ઓવરમાં ૧૭૬ રન નોંધાવવામાં આવેલ હતા. શિક્ષણ વિભાગ તરફથી કેપ્ટન કનુ પટેલ દ્વારા ૨૬ બોલમાં ૪૭ રન અણનમ નોંધાવેલ હતા. ઈમ્તીયાઝ ભગત-૩૪ રન, દિલિપ નાયી-૪૪ રન અને રવેસિંહ પરમાર-૬ બોલમાં ૧૪ રન અગત્યના બની રહેલ. કનુ પટેલ, રવેસિંહ તથા સંદિપ થાપાએ ૨-૨-વિકેટ મેળવી હતી. આજની મેચમાં શિક્ષણ વિભાગના કેપ્ટન કનુ પટેલે મેન ઓફ ધ મેચનો ખિતાબ મેળવેલ છે.

## સહયોગ મંડળ દ્વારા ખાદ્ય સામગ્રી કીટસ વિતરણ કરાઈ

ગાંધીનગર, તા.૧૧

સહયોગ મંડળ દ્વારા દર માસની ૧લી તારીખે જરૂરિયાતમંદ કુટુંબીજનોને નિઃશુલ્કપણે ખાદ્ય સામગ્રીની કીટસનું વિતરણ કરવામાં આવે છે. આ ખાદ્ય કીટસમાં દાળ, ચોખા, લોટ, તેલ, ગોળ, મીઠુ, મરચું, ચા, સાબુ, પાવડર સહિતની વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મંડળ દ્વારા આ માસિક વિતરણ દરમિયાન ૨૫ કુટુંબોને કીટસનું વિતરણ કરાયું છે. આ ઉપરાંત સે-૬ ખાતેના એચઆઈવી ગ્રસ્ત બાળકોને મીઠાઈ અને ફરસાણનું વિતરણ કરાયું હતું.

# બંકરમાં દારૂ સંતાડીને વેપલો કરતો બુટલેગર પકડાયો

ગાંધીનગર, તા. ૧૧

ત્રીમંદિર પાછળ ખરાબામાં બંકર બનાવીને સંતાડેલો દારૂ-બિયરનો મસમોટો જથ્થો અડાલજ પોલીસના હાથ આવી ગયો હતો. આ દારૂ-બિયરનો જથ્થો બંકરમાં સંતાડીને તેનો વેપલો કરતાં ઉવારસદના બુટલેગરને તેના ઘરેથી જ અડાલજ પોલીસે દબોચી લીધો છે. દારૂ-બિયરનો જથ્થો હરિયાણાથી લાવતો હોવાની કબુલાત બુટેલગર કરી રહ્યો છે. સઘન પુછપરછ માટે કોર્ટે આરોપીના સાત દિવસના રિમાન્ડ મંજુર કરતાં અડાલજ પોલીસે સઘન પુછતાછ આરંભી છે.

અડાલજ પોલીસે બાતમીને આધારે ત્રીમંદિર પાછળ ખરાબામાં બનાવેલા એક બંકરમાં દરોડો પાડીને રૂ. ૨૭ લાખનો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો. દારૂ-બિયર સંતાડનાર ઉવારસદના સુરેશ લાખા હિરા ઠાકોરને ગઈ મોડી સાંજે તેના ઘરેથી જ અડાલજ પોલીસે પકડી પાડી પુછપરછ શરૂ કરી હતી. જેમાં તેણે દારૂ-બિયર હરીયાણાથી લાવતો હોવાનું જણાવી અન્ય કેટલાક સાગરીતોના નામ પણ ખોલ્યા છે. સુરેશ ઠાકોરે કયારથી મુદ્દામાલ લાવીને સંતાડ્યો હતો અને કોણ કોણ વ્યક્તિઓ આ ગુનામાં સંડોવાયેલા છે તે ઉપરાંત ક્યારથી આ ધંધો કરતો હતો અને કોને કોને માલ સપ્લાય કરતો હતો તે સહિતની પુછપરછ પોલીસે શરૂ કરી છે. કોર્ટે પણ તેની ઊંડાણપૂર્વક પુછપરછ માટે સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

## વાતવાતમાં

● વહેલી સવારથી ફરી એકવાર અચાનક જ ઠંડીનું મોજું પ્રસરી જતા મોર્નિંગ વોકર્સમાં ઘટાડો થઈ જવા પામ્યો હતો. ગુરુવારે બપોરે ગરમીથી પરેશાન જે નગરજનોને પંખા ચાલુ કરવા પડયા હતા તેઓ પણ શુક્રવારે સ્વેટર્સ-ટોપી પહેરી ઘરની બહાર નીકળ્યા હતા.

● સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગના ત્રીજા માળે એક દર્દીની ખબર જોવા આવેલ મહિલા સંબંધી અચાનક જ બેભાન થઈ જવા પામ્યા હતા. જો કે માત્ર શારિરીક અશકિતને કારણે બેભાન થયેલા આ મહિલા થોડીકવારમાં જ સ્વસ્થ થઈ ગયા હતા. નહીંતર એમની પણ ખબર જોવા અન્યન સ્નેહીજનોને આવવું પડયું હોત.

● નવા સેકટરોમાં હજુ પણ વન વિભાગ દ્વારા વૃક્ષોની અતિશય નમી પડેલી ડાળીઓનું ટ્રીમીંગ કરાયું નથી. હાથ બાળવા કરતા હૈયું બાળવું સારું એ ન્યાયે આ સેકટરોના કેટલાક રહીશોએ પોતાની જાતે જ ટ્રીમીંગ કરાવવા માંડયું છે.

● અક્ષરધામથી ટાટા ચોકડી સુધીના રોડ નં. ૬નું નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ રોડ પરના ખાડા ખૈયાથી ત્રાસેલા વાહનચાલકોને ઘણા સમયે નિરાંત વળી છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## આજે દત્તબાવની પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આયોજિત સ્વ.શ્રી રણમલસિંહ પરમારની પૂણ્યતિથિ નિમિત્તે પ્લોટ નં. ૮૮૫/૧, સે-૭-સી પથિકાશ્રમ એસ.ટી. ડેપોની સામે, તા. ૧૨મી ડિસેમ્બરના બપોરે ત્રણ વાગે દત્તબાવની પાઠનું આયોજન કરવામાં આવેલ છે. તો નગરના રંગભકતોને હાજરી આપવા માટે શ્રી નવનીતભાઈ પાઠક પ્રમુખશ્રી રંગ અવધુત પરિવારે જણાવેલ છે.

## બ્રહ્મ પરિવારનો સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૧૧

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૨૦મી ડિસેમ્બરના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સેકટર-૨૭, રંગમંચ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે. આ સમારોહમાં સંગીત સંધ્યા અને વરિષ્ઠ વડીલ સત્કાર સમારંભનું આયોજન કરાયુંછે. સે-૨૬ સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ કેતનભાઈ પંડયાએ સમાજના તમામ નગરજનોને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

## વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે આરોગ્ય સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૨૮ સ્થિત વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે તાજેતરમાં આરોગ્ય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે એક આરોગ્ય લક્ષી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમતોલ આહારનું મહત્વ, પોષણયુકત આહાર, તંદુરસ્ત જીવન જીવવાના ઉપાયો વિષય ઉપર વકતવ્ય આપી મહાનુભાવો દ્વારા માહિતી પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ શાળામાં આરોગ્યવર્ધક નાસ્તાનું મહત્વ સમજાવી જે બાળકો આરોગ્યવર્ધક નાસ્તો લાવ્યા હોય તેઓને ઈનામ વિતરણ કરાયા હતા. આ ઉપરાંત દરેક બાળકોને કૃમિની ટેબલેટ તેમજ આરોગ્ય પુસ્તિકાનું વિતરણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મ્યુનિસિપાલિટી કોર્પોરેશનના મેડીકલ ઓફિસર બારોટ સાહેબ, મુખ્ય મહેમાન તરીકે મેડીકલ ઓફિસર ડૉ. સુતરિયા સાહેબ તથા ડૉ. યોગિનભાઈ, ડૉ. ઋત્વાબેન, અર્બન હેલ્થ સેન્ટરના અન્ય હોદ્દેદારો, શાળાના આચાર્ય મૃદુલાબેન ઉપસ્થિત રહ્યા હતા તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન દક્ષાબેને કર્યું હતું.

## શહેર પેન્શનર્સ સમાજ દ્વારા અમૃત મહોત્સવ ૨૦૧૫ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી તા. ૧૩મી ડિસેમ્બરને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૨૩ કડી શિક્ષણ સંકુલ, શેઠ શ્રી ખિમજી વિસરામ એન્ડ સન્સ હોલ ખાતે અમૃત મહોત્સવ ૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ચાલુ વર્ષમાં ૭૫ વર્ષ પૂર્ણ કરનાર ૧૬૨ વડીલોને સન્માનવામાં આવશે. સન્માનપાત્ર વડીલોને નિમંત્રણ પત્ર રૂબરૂ મોકલેલ છે. આ કાર્યક્રમમાં સન્માનપાત્ર તમામ વડીલોએ સહપરિવાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવાયું છે તેમજ સમાજના પ્રવરમંત્રી ડી.પી. સંઘાણીએ અન્ય પેન્શનર સભ્યોને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

# ગાંધીનગરની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓની અમદાવાદ ખાતે ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત





ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની સેક્ટર-૨૩ માં આવેલી બીબીએ કૉલેજના સેમેસ્ટર-૪નાં ૧૨૦ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત ગોપાલા પોલીપ્લાસ્ટ લિ.ની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ માં ઔદ્યોગીક ક્ષેત્રની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યો નો વિકાસ થાય તે હેતુથી સેમેસ્ટર-૪ના ૧૨૦ વિદ્યાર્થીઓએ ચાર જુથમાં વહેંચાઈ ઇંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યું હતુ. વિદ્યાર્થીઓનું જૂથે એક પછી એક પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપની ના મેનેજર લોકેશભાઈ દ્વારા પ્લાન્ટ વિશેની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેકનીકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. દરેક મશીનરીનાં નામ તેમજ તેનુ મૂલ્ય તથા ખાસ કરી ને ક્વાલિટી ઉપર કંપની કેવુ ધ્યાન આપે છે. તેમજ કર્મચારી ની સુરક્ષાનું પ્લાન્ટ ઉપર પુરતુ ધ્યાન રાખવા માં આવ્યુ છે. સાથે સાથે ગ્રાહક ને સંપૂર્ણ સંતોષ થાય તેમજ તેમની ફરિયાદોનું સત્વરે નિવારણ કરવા બાબતની જાણકારી આપી હતી.

વિઝિટ દરમ્યાન પ્રોડક્ષન ડીપાર્ટમેન્ટ માં વિદ્યાર્થીઓને લેબલ્સ પ્રોડક્ષન કેવી રીતે કરવામાં આવે છે, તેની ઊંડાણપૂર્વક સમજૂતી આપી. જેમાં દરેક ગારમેન્ટ કંપનીના લેબલ્સ બનાવવામાં આવે છે. તેનું સમગ્ર પ્રોડક્ષન વિદ્યાર્થીઓને લેબલ્સનું પ્રોડક્ષન કેવી રીતે કરવામાં આવે છે. તેની વિગતવાર માહિતી પ્રોડક્ષન વિભાગના હેડ વિક્રમ દેસાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વિઝિટ દરમ્યાન કંપનીનાં ફાઈનાન્સ, એચ. આર. વિભાગની માહિતી કંપનીના જનરલ મેનેજર લોકેશ સાહેબ દ્વારા ખૂબ પ્રભાવી રીતે સમજાવ્યા હતા.

કંપનીનાં દરેક કાર્યને ઝીણવટપૂર્વક સરળ ભાષામાં વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા. જેમા કંપનીનું રોકાણ તેમજ બેંક સહિત દરેક વ્યવહારોની સમજ આપી હતી. કંપનીના કર્મચારીઓ તેમજ કામદારોને આપવામાં આવતી વિવિધ સુવિધાઓ તેમજ વીમા કવચ બાબતે પણ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યુ હતું. તેમજ માર્કેટીંગ બાબતે વ્યવહારુ તેમજ પુસ્તકિયા જ્ઞાનની બહારની પ્રેક્ટિકલ બાબતો વિષે વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપ્યુ હતુ. જે તેમને અભ્યાસ બાદ પોતાની કારકિદી માં ખૂબ ઉપયોગી નીવડશે તેવો વિશ્વાસ વિદ્યાથીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## આજે માઉન્ટ કાર્મેલ શાળાનો એન્યુઅલ સ્પોર્ટસ ડે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સે-૨૧માં આવેલ સુવિખ્યાત માઉટ કાર્મેલ સ્કૂલના મધર વેરોનિકા સ્ટેડિયમ ખાતે શાળાના એન્યુઅલ સ્પોર્ટસ ડેનું આયોજન કરાયું છે. આ રમતોત્સવમાં ગાંધીનગરના ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ-આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ રમતોત્સવના ઉદઘાટન સમારોહમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ઉપરાંત યોગ નિદર્શન પણ યોજાશે.

## આજે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો રમતોત્સવ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સે-૮માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો ૪૬મો રમતોત્સવ તા. ૧૨મી ડિસેમ્બરે યોજવામાં આવ્યો છે. આ રમતોત્સવમાં એર કમાન્ડર જે.વી. પોલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ રમતોત્સવ સવારે ૮.૧૫ વાગ્યાથી યોજાશે. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા આયોજિત ૪૬મા રમતોત્સવમાં અનેક પ્રકારની રમતોનું આયોજન કરાયું છે.

# વિશિષ્ટ બાળકોની સંસ્થાઓ માટે વર્કશોપ

## ગુજરાતમાં પ્રથમવાર યોજાયેલા આ વર્કશોપમાં અનેક રાજયોમાંથી પ્રતિનિધિઓ પધાર્યા : ત્રણ દિવસીય વર્કશોપમાં નિષ્ણાંતો દ્વારા સઘન તાલીમનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ ખાતે બેંગ્લોરની નેશનલ કોન્ફડરેશન ઓફ પેરેન્ટસ ઓર્ગેનાઈઝેશન્સ પરિવાર સંસ્થા દ્વારા સાધના પેરેન્ટસ એસોસિએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સના સહયોગથી ત્રિ દિવસીય કેપેસીટી બિલ્ડીંગ એન્ડ લીડરશીપ ટ્રેઈનીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપનો આજે સવાર ૧૦ કલાકે પ્રારંભ કરવામાં આવ્યો હતો જે તા. ૧૩મી ડિસેમ્બર સુધી ચાલશે. જેમાં ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ૩૭ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ અન્ય ૧૦ રાજયના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

માનસિક રીતે વિશિષ્ટ બાળકો માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા આ પ્રકારના બાળકોના ઉછેર, સાર સંભાળ તથા અભ્યાસ અને સ્કીલ ડેવલપમેન્ટ અંગે તેમના વાલીઓને તાલીમ આપતા ટ્રેઈનરોને આ લીડરશીપ વર્કશોપ દ્વારા ખાસ તાલીમ અપાઈ રહી છે. આ પ્રકારનો વર્કશોપ સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમવાર યોજાઈ રહ્યો છે. આ વર્કશોપમાં ભાગ લેનાર સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમની સંસ્થાના ટ્રેઈનરોને તાલીમ આપી શકે તે માટે આ સંસ્થાઓના ટ્રેઈનરો માટે માસ્ટર ટ્રેઈનરની ઓળખ થઈ શકે જેની તાલીમ છેવટના લાભાર્થી સુધી પહોંચે તે માટે 'પરિવાર' સંસ્થાના પ્રમુખ લેફટન્ટન્ટ કર્નલ ડૉ. વી.કે. ગૌતમ દ્વારા ખાસ કોર્સ તૈયાર કરવામાં આવ્યો છે. આ વર્કશોપમાં ભારતના શ્રેષ્ઠ ટ્રેનરો જેવા કે દિલ્હીથી મુસ્કાનના ડૉ. શાંતિ ઔલુક, બીપીએમાંથી ડૉ. યુનાની તથા નંદિની રાવલ, અમદાવાદની સેન્સ ઈન્ટરનેશનલમાંથી અકિલ પૉલ, પૂનાથી કમાન્ડર એસ.એન. બિજુર, બેંગ્લોરથી વિજયકાન્ત, જયપુરથી સુદિપ ગોયલ, નવી દિલ્હીથી સીબીએમના ઉમેશ અને ઈન્દોરથી ડૉ.ડી.બી. શાહ ઉપરાંત અમદાવાદથી પરિવાર સંસ્થાના પ્રેસીડેન્ટ ડૉ. વી.કે. ગૌતમનો સમાવેશ થાય છે. આ વર્કશોપ ગાંધીનગરની સાધના પેરેન્ટસ એસોસિએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ સંસ્થાના યજમાન પદે યોજવામાં આવ્યો છે તથા તેને સીબીએમ સારોનો સહકાર પ્રાપ્ત છે.






(તસવીર : કશ્યપ નિમાવત)

વર્કશોપના પ્રથમ દિવસે ડિપાર્ટમેન્ટ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીના ડાયરેકટર તથા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ એન્જિનીયર રાજેન્દ્રભાઈ શાહના પ્રાસંગિક ઉદબોધન બાદ ડૉ. શાંતિ ઔલુક, ડૉ. દિવાકરભાઈ શાહ તથા વિજયકાન્ત દ્વારા ઈન્ટલેકચ્યુઅલ એન્ડ ડેવલપમેન્ટલ ડિસેબીલીટી, અર્લી ઈન્ટર્વેન્શન એન્ડ એજયુકેશન વિષયે પ્રથમ સેશનમાં તાલીમ આપવામાં આવી હતી.

દ્વિતિય સેશનમાં કમાન્ડર એસ.એન. બિજુર અને ડૉ. શાંતિ ઔલુક દ્વારા રોજગારી તથા પુર્નવસન અંગે માહિતી અપાઈ હતી જયારે અંતિમ તૃતીય સેશનમાં જે.પી. ગડકરી તથા અકિલ પૉલ દ્વારા કાયદાકીય જોગવાઈ અંગે સઘન તાલીમ આપવામાં આવી હતી. આવતીકાલે અને પરમદિવસે હજુ વધુ નિષ્ણાંતો દ્વારા બિનસરકારી સંસ્થાઓનું સંચાલન, માનવસંશાધન અને નેતૃત્વ પ્રપોઝલ રાઈટીંગ તથા કોમ્યુનિકેશન, ભંડોળ એકત્રિકરણ, કાયદાકીય જોગવાઈઓ વગેરે અંગે તાલીમ તથા કેસ સ્ટડીઝ અને જુથ ચર્ચા પણ યોજાશે.

## ઝુંડાલ કેનાલમાંથી અમદાવાદની મહિલાનો મૃતદેહ મળ્યો

### સઈજપુર બોધાની મહિલાએ કોઈ કારણોસર કેનાલમાં ઝંપલાવી આપઘાત કર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક ઝુંડાલ નર્મદા કેનાલમાં આજે બપોરના અરસામાં એક અજાણી મહિલાનો તણાઈ રહેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવતા મૃતદેહ બહાર કઢાવી પોલીસે તપાસ કરતાં અમદાવાદના સઈજપુર બોઘા વિસ્તારની ૩૦ વર્ષીય મહિલાનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું છે. જો કે તેણીના આપઘાત કરવા પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

ઝુંડાલ કેનાલમાંથી અજાણી મહિલાનો તરતો મૃતદેહ દેખાતા અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. અડાલજ પોલીસ મથકના જમાદાર મૂળજીભાઈએ બનાવ સ્થળે પહોંચી મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં અમદાવાદ સઈજપુર બોધાની ૩૦ વર્ષીય મહિલા રાજેશ્વરી જીવણલાલ મકવાણા હોવાનું બહાર આવ્યું હતું. મૃતક મહિલાના પરિવારજનોને ઘટનાની જાણ કરી બોલાવી લઈને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું ચોકકસ કારણ બહાર આવ્યું નથી.

## ચિરવિદાય

- સ્વ. કેતનકુમાર વાસુદેવભાઈ ભટ્ટ, ઉ.વ. ૫૦
- સ્વ. સોલંકી પ્રહલાદજી મણાજી, ઉ.વ. ૫૬
- સ્વ. રશ્મીકાન્ત બીન્દુલાલ મહેતા, ઉ.વ. ૭૯